**<u>GUJARAT BILL NO. 5 OF 2020.</u>**

# THE GUJARAT ELECTRICITY DUTY (AMENDMENT) BILL, 2020.

## *A BILL*

*further to amend the Gujarat Electricity Duty Act,1958.*

**<u>સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૫.</u>**

## ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક, ૨૦૨૦.

**ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે સન ૨૦૨૦ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૫૮નો મુંબઇનો ૪૦મો. ૨. ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, “મુખ્ય અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩માં, પેટા-કલમ (૨)માં,- સન ૧૯૫૮ના મુંબઇના ૪૦મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

(૧) ખંડ (૭)માં, સ્પષ્ટીકરણમાં, ખંડ (ખ)માં, “મકાન” એ શબ્દ કમી કરવો;

(૨) ખંડ (૮)માં, સ્પષ્ટીકરણમાં, ખંડ (ખ)માં, જે બે જગાએ “મકાન” શબ્દ આવે છે તે કમી કરવો;

૩. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ-૧માં, ભાગ ૧માં, બાબત (૪)માં, કોલમ ૩માં, “વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમના ૨૫ ટકા” એ શબ્દો અને આંકડાને બદલે, “વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમના ૨૦ ટકા” એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૯૫૮ના મુંબઇના ૪૦મા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

## ઉદ્દેશો અને કારણો

આ વિધેયકથી, ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચનમાં સમાવિષ્ટ અંદાજપત્ર દરખાસ્તને અમલમાં મૂકવાના અને મૂડી રોકાણના ધોરણમાંથી મકાનને દૂર કરીને તથા કોઇ મકાનમાં નવા પ્લાન્ટ અને યંત્રસામગ્રીના સંબંધમાં પ્લગ અને પ્લે-ને પ્રોત્સાહન આપીને, સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડો (૭) અને (૮) હેઠળ મુક્તિ આપવાની કાર્યરીતિને સરળ બનાવવાના હેતુથી, ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૧૮મી માર્ચ, ૨૦૨૦. **સૌરભ પટેલ.**

## પુરવણી

## ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૪૦-મા ) માંથી ઉતારા

વાપરેલી શક્તિના યુનિટો પર શુલ્ક.

**3.** (૧) XXX XXX XXX

(૨) નીચેના દ્વારા વાપરવામાં આવેલ વીજળી શક્તિના યુનિટો પર વિદ્યુત શુલ્ક લેવાપાત્ર થશે નહિ,-

(૧) થી (૬) XXX XXX XXX

(૭) નવા ઔદ્યોગિક અન્ડરટેકિંગ દ્વારા ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગમાં લેવાતી જગાના સંબંધમાં ચાલક શક્તિ અને દીવાબત્તી માટે, આવું ઔદ્યોગિક અન્ડરટેકિંગ પ્રથમ વખત માલ બનાવવાનું અથવા ઉત્પાદન કરવાનું શરૂ કરે તે તારીખથી, ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને, પાંચ વર્ષના સમયગાળા માટે:

પરંતુ કોઇપણ નવું ઔદ્યોગિક અન્ડરટેકિંગ, તેણે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને ઠરાવવામાં આવે તેવી મુદતની અંદર અને ઠરાવવામાં આવે તેવા અધિકારીને તે માટેની, અરજી કરીને ઠરાવેલા નમૂનામાં એવી મુક્તિ માટેની પાત્રતા અંગેનું પ્રમાણપત્ર મેળવ્યું હોય તે સિવાય, આ ખંડ હેઠળ વિદ્યુત શુલ્ક ભરવામાંથી મુક્તિ મેળવવા હકદાર થશે નહિ.

**સ્પષ્ટીકરણ**.- આ ખંડના હેતુ માટે " નવું ઔદ્યોગિક અન્ડરટેકિંગ" એટલે કોઇ ઔદ્યોગિક અન્ડરટેકિંગ જે-

(ક) રાજ્યમાં અગાઉથી વિદ્યમાન ધંધા અથવા અન્ડરટેકિંગના વિભાજન અથવા પુનર્રચનાથી ઊભું કરવામાં આવ્યું ન હોય; અથવા

(ખ) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી ઉપર્યુકત રોકાણોની કુલ કિંમતના સંબંધમાં હોય તેટલી કિંમતના કોઇ ઔદ્યોગિક હેતુસર ભારતમાં અગાઉ વપરાતા હોય તેવા મકાન, યંત્રસામગ્રી કે પ્લાન્ટની, નવા ધંધા કે અન્ડરટેકિંગમાં તબદીલીથી ઊભું કરવામાં આવ્યું ન હોય; અથવા

(ગ) રાજ્યમાં વિદ્યમાન ધંધા અથવા અન્ડરટેકિંગનું વિસ્તરણ ન હોય;

(૮) ઔદ્યોગિક અન્ડરટેકિંગની વિદ્યમાન જગાઓની જુદી જુદી સ્વતંત્ર અને ઓળખી શકાય તેવી જગાઓ પર ઔદ્યોગિક અન્ડરટેકિંગના વધારાના એકમ દ્વારા ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગમાં લેવાતી જગાના સંબંધમાં ચાલક વીજળી શક્તિ (motive power) અને

દીવાબત્તી (લાઇટીંગ) માટે, ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને,

(ક) ઔદ્યોગિક અન્ડરટેકિંગનું આવું વધારાનું એકમ, પ્રથમ વખત માલ બનાવવાનું અથવા ઉત્પાદન કરવાનું શરૂ કરે તે તારીખથી; અથવા

સન ૨૦૧૩નો ગુજરાતનો ૮મો.

(ખ) ઔદ્યોગિક અન્ડરટેકિંગના આવા વધારાના એકમે, ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) અધિનિયમ, ૨૦૧૩ના આરંભ પહેલા, પ્રથમ વખત માલ બનાવવાનું અથવા ઉત્પાદન કરવાનું શરૂ કર્યું હોય તે તારીખથી,

પાંચ વર્ષની મુદત માટે:

પરંતુ ઔદ્યોગિક અન્ડરટેકિંગના આવા કોઇ વધારાના એકમે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, ઠરાવવામાં આવે તેવી મુદતની અંદર અને ઠરાવવામાં આવે તેવા અધિકારીને અરજી કરીને ઠરાવેલા નમૂનામાં એવી માફી માટેની પાત્રતા અંગેનું પ્રમાણપત્ર મેળવ્યું ન હોય તો તે, આ ખંડ હેઠળ વિદ્યુત શુલ્ક ભરવામાંથી મુક્તિ મેળવવા હકદાર થશે નહિ.

**સ્પષ્ટીકરણ**.- આ ખંડના હેતુ માટે "ઔદ્યોગિક અન્ડરટેકિંગનું વધારાનું એકમ" એટલે કોઇ ઔદ્યોગિક અન્ડરટેકિંગ જે-

(ક) રાજ્યમાં અગાઉથી વિદ્યમાન ધંધા અથવા અન્ડરટેકિંગના વિભાજન અથવા પુનર્રચનાથી ઊભું કરવામાં આવ્યું ન હોય; અથવા

(ખ) કોઇ ઔદ્યોગિક હેતુ માટે ભારતમાં અગાઉથી વપરાતા હોય તેવા મકાન, યંત્રસામગ્રી અથવા પ્લાન્ટની કુલ કિંમતના રોકાણના સંબંધમાં, રાજ્ય સરકાર *રાજપત્ર*માં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી કિંમતના મકાન, યંત્રસામગ્રી અથવા પ્લાન્ટની, નવા ધંધા અથવા અન્ડરટેકિંગમાં તબદીલીથી ઊભું કરવામાં આવ્યું ન હોય.".

(૨-કક) થી (૩) xxx xxx xxx

**અનુસૂચિ-૧.**

**(જુઓ કલમ ૩ (૧) (ક))**

**(કલમ ૨ (ક) (૧) અને (૨)માં ઉલ્લેખેલ હોય તે સિવાયના ગ્રાહકોએ આપવાના શુલ્કના દરો).**

| બાબત ક્રમાંક | વપરાશનો પ્રકાર | શુલ્કના દરો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | **ભાગ ૧** | |
| (૧) થી (૩) | xxx xxx | xxx |
| (૪) | ઉપરની બાબતો (૧), (૨) અને (૩) પૈકીની કોઇ બાબત હેઠળ આવતી ન હોય તેવી કોઇ જગાના સંબંધમાં વપરાયેલી વીજળી શક્તિ માટે. | વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમના ૨૫ ટકા. |

**સ્પષ્ટીકરણ.**- આ ભાગના હેતુઓ માટે, ‘‘વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમ" એ શબ્દપ્રયોગનો અર્થ, કોઇ ગ્રાહકે લાઈસન્સદારને આપવાની રકમ એવો થાય છે, પણ તેમાં નીચેના પૈકીની કોઇ ચૂકવવાની રકમનો સમાવેશ થશે નહિઃ-

(૧) મીટર ચાર્જ;
(૨) વિલંબિત ચુકવણી ઉપરનું વ્યાજ;
(૩) ફયુઝ-ઓફ કોલ ચાર્જ અને પુનઃ જોડાણ ચાર્જ;
(૪) ગ્રાહકને વીજળી શક્તિ પૂરી પાડતાં પહેલાં, લાઇસન્સદાર અથવા વ્યક્તિને, સંચારણ અથવા રૂપાંતરમાં થયેલી વીજળી શક્તિની ઘટઃ

પરંતુ-

(ક) કોઇ ગ્રાહકે વીજળી શક્તિ વાપરી ન હોય, ત્યારે તેણે આપવાની ઓછામાં ઓછી રકમ વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમ છે એમ ગણાશે નહિ;
(ખ) કોઇ ગ્રાહકે ખરેખર વાપરેલી વીજળી શક્તિના યુનિટ, વીજળી શક્તિના જેટલા યુનિટ માટે ઠરાવેલી ઓછામાં ઓછી રકમ આપવાની થતી હોય તેટલા યુનિટ કરતાં ઓછા હોય, ત્યારે આવા ગ્રાહકની બાબતમાં, ‘‘વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમ"

એટલે તેણે ખરેખર વાપરેલી વીજળી શક્તિના યુનિટ માટેના ચાર્જ અને નહિ કે ઠરાવેલો ઓછામાં ઓછો ચાર્જ;

(ગ) કોઇ વ્યક્તિ, બીજી કોઇ વ્યક્તિ (જેનો આમાં હવે પછી, ‘‘મેળવનાર વ્યક્તિ " તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને વીજળી શક્તિ પૂરી પાડે ત્યારે, મેળવનાર વ્યક્તિ જ્યાં રહેતી હોય તે વિસ્તારની અંદર, વીજળી શક્તિ પૂરી પાડવાના ધંધામાં રોકાયેલ હોય તેવા વિતરણ લાઇસન્સદારને, વીજળીના આવા પ્રમાણ માટે, મેળવનાર વ્યક્તિએ કલમ ૧૪ હેઠળ આપવાની રકમ, આવી વીજળી શક્તિ પૂરી પાડવા માટેની, વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમ છે એમ ગણાશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૫ .]

ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

[ શ્રીસૌરભ પટેલ,

ઊર્જા મંત્રીશ્રી.]

(સન ૨૦૨૦ના માર્ચ મહિનાની ૧૮મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT ELECTRICITY DUTY (AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 5 OF 2020.**

*A BILL*

*further to amend the Gujarat Electricity Duty Act, 1958.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Electricity Duty (Amendment) Act, 2020. **Short title and commencement.**

(2) It shall come into force on the 1st April, 2020.

**Amendment of section 3 of Bom. XL of 1958.**

**2.** In the Gujarat Electricity Duty Act, 1958 (hereinafter referred to as "the principal Act"), in section 3, in sub-section (2), - **Bom. XL of 1958.**

(i) in clause (vii), in the *Explanation*, in clause (b), the words "a building" shall be deleted;

(ii) in clause (viii), in the *Explanation*, in clause (b), the words " a building" shall be deleted.

**Amendment of Schedule I to Bom. XL of 1958.**

**3.** In the principal Act, in Schedule-I, in Part I, in item (4), in column 3, for the figures and words "25 per cent. of consumption charges", the figures and words "20 per cent. of consumption charges" shall be substituted.

## STATEMENT OF OBJECTS AND REASONS

This Bill seeks to amend the Gujarat Electricity Duty Act, 1958 with a view to giving effect to the Budget proposal contained in the Budget speech of the Deputy Chief Minister in the Gujarat Legislative Assembly on the 26th February, 2020 and simplifying the procedure of granting exemption under clauses (vii) and (viii) of sub-section (2) of section 3 of the said Act by removing building from the investment criteria and promoting plug and play in respect of new plant and machinery in any building.

Dated the 18th March, 2020. **SAURABH PATEL.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT ELECTRICITY DUTY ACT, 1958.**

**(Bom. XL of 1958)**

**Duty on units of energy consumed.**

**3.** (1) XXX XXX XXX

(2) Electricity duty shall not be leviable on the units of energy consumed,-

(i) to (vi) XXX XXX XXX

(vii) for motive power and lighting in respect of premises used by a new industrial undertaking for industrial purpose, subject to such terms and condi- tions as may be prescribed, for a period of five years from the date on which such industrial undertaking begins to manufacture or produce goods for the first time:

Provided that no new industrial undertaking shall be entitled for exemption from payment of electricity duty under this clause, unless it has obtained a certificate regarding eligibility for such exemption in prescribed form by making an application therefore in such form, within such period and to such officer as may prescribed.

***Explanation.*** – For the purpose of this clause "a new industrial undertaking means any industrial undertaking which-

(a) is not formed by the splitting up or the reconstruction of a business or undertaking already in existence in the State; or

(b) is not formed by transfer to a new business or undertaking of a building, machinery or plant previously used in India for any industrial purpose, of such value in relation to total value of the aforesaid investments, as the State Government may, by notification in the Official Gazette, specify; or

(c) is not an expansion of the existing business or undertaking in the State;

(viii) for motive power and lighting in respect of premises used by an additional unit of the industrial undertaking for industrial purpose at different independent and identifiable premises of the existing premises of the industrial undertaking, subject to such terms and conditions, as may be prescribed, for a period of five years from the date -

(a) on which such additional unit of the industrial undertaking begins to manufacture or produce goods for the first time; or

(b) on which such additional unit of the industrial undertaking has begun to manufacture or produce goods for the first time, prior to **Guj. 8 of 2013.** commencement of the Gujarat Electricity Duty (Amendment) Act, 2013:

Provided that no additional unit of the industrial undertaking shall be entitled for exemption from payment of electricity duty under this clause, unless it has obtained a certificate regarding eligibility for such exemption in the prescribed form by making an application in such form, within such period and to such officer as may be prescribed.

***Explanation.***-For the purpose of this clause "additional unit of the industrial undertaking" means any industrial undertaking which-

(a) is not formed by the splitting up or the reconstruction of a business or undertaking already in existence in the State; or

(b) is not formed by transfer to a new business or undertaking of a building, machinery or plant previously used in India for any industrial purpose, of such value in relation to total value of the aforesaid investments, as the State Government may, by notification in the *Official Gazette*, specify.

(2AA) to (3) XXX XXX XXX

**SCHEDULE I.**
**(See section 3 (1) (a) )**
**(Rates of duty payable by consumers other than those referred to in section 2 (a) (i) and (ii) ).**

| Item No. | Nature of consumption | Rates of duty |
|---|---|---|
| 1 | 2 | 3 |
| PART I | | |
| (1) to (3) | xxx xxx xxx | |
| (4) | For energy consumed in respect of any premises not falling under any of the items (1), (2) and (3) above. | 25 per cent. of consumption charges. |

***Explanation.* -** For the purposes of this PART, the expression "consumption charges" means the charges payable by a consumer to a licensee but shall not include any of the following charges, namely:-

(i) Meter charges;
(ii) Interest on delayed payment;
(iii) Fuse-off call charges and reconnection charges;
(iv) the losses of energy sustained in transmission or transformation by a licensee or person before supply to a consumer:

Provided that –

(a) where no energy has been consumed by a consumer, minimum charges payable by him shall not be deemed to be consumption charges;

(b) where the units of energy actually consumed by a consumer are less than the units of energy for which, prescribed minimum charges are payable "consumption charges" shall, in the case of such consumer, mean the charges for the units of energy actually consumed by him and not the prescribed minimum charges;

(c) where any person supplies electrical energy to any other person (hereinafter referred to as "the receiving person"), the charges payable by the receiving person for such quantum of power to the distribution licensee under section 14, who is engaged in the business of supplying energy within the area where the receiving person is located, shall be deemed to be consumption charges for such supply of energy.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 5 OF 2020.**

***A B I L L***

*further to amend the Gujarat Electricity Duty Act, 1958.*

**[ SHRI SAURABH PATEL,
MINISTER FOR ENERGY]**

**( As published in the Gujarat Government Gazette of the 18th March, 2020)**

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.